# નિર્વાણમાર્ગનું રહસ્ય

વિવેચન લખનાર :
**ભોગીલાલ ગિ. શેઠ**

## શ્રીમદ્ રાજચંદ્ર

# નિર્વાણમાર્ગનું રહસ્ય

## વચનામૃત ૧૭૨ તથા ૮૭૫ પર વિવેચન)

વિવેચન લખનાર :
ભોગીલાલ ગિ. શેઠ

પ્રકાશક : શ્રી.શ્વે. પ્રચારક સભા :

શ્રી એ. એમ. મહેતા

મોરવી હાઉસ, ત્રીજે માળે
ફ્લેટ નાં. ૩૫,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુબઈ- ૪૦૦ ૦૦૧
ફોન. : ૨૨૬૧ ૨૪૫૪.

પ્રાપ્તિ સ્થાન:

(૧) મોરવી હાઉસ, ત્રીજે માળે
ફ્લેટ નાં. ૩૫,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુબઈ- ૪૦૦ ૦૦૧
ફોન. : ૨૨૬૧ ૨૪૫૪.
ફોન: ૨૦૧ ૩૯ ૮૭

(૨) જયંતિલાલ ત્રિકમલાલ સંઘવી
૫૦-બી સ્થા. જૈન સોસાયટી,
નારણપુરા રેલ્વે ક્રોસીગ પાસે - ચાડજ
અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન. ન. ૪૦૦ ૦૩૦, ૪૬૫ ૯૫૭

(૩) ગીરીશ છોટાલાલ બીમાણી
બી-૨, સિધ્ધાત્ ક્રોફ રોડ,
શારદાબાગ સામે
રાજકોટ ૩૬૦ ૦૦૧
ફોન ન. ઘર:- ૪૬૮ ૨૧
· દુકાન:- ૨૭૩ ૫૦

મુદ્રક : સુમિત રામ કોઠારી, કોનમ પ્રિન્ટર્સ,
ડાયેના સિનેમાની ગલીમાં, તારદેવ
મુંબઈ ૪૦૦ ૦૩૪, ફોન ૩૦૬ ૯૨૨૨

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

ત્રિવિધ તાપથી શેકાતા અને બળતા જીવોને એક સત્ પુરૂષો અથવા જ્ઞાનીપુરૂષો અને તેમનાં અમૃત-વચનો જ શીતળ જળ સમાન છે. આ ભયાકુળ સંસારને વિષે અન્ય કોઈ શરણરૂપ સાધન થયું નથી, છે નહીં અને થશે નહીં. જ્યાં સુધી આ સાધન છે અને તેનો આશ્રય છે, ત્યાં સુધી જ જીવને સુખ છે, શાતા છે; અને તેમાંય સત્પુરૂષનો સમાગમ-યોગ એ પરમોત્કૃષ્ટ સાધન છે.

એક વિદ્વાન પુરૂષે કહ્યું છે કે–' હજાર ઉપદેશ કરતાં એક યુક્તિની અસર વધી જાય છે; હજાર યુક્તિઓ કરતાં એક આગમ-આપ્તપુરૂષનાં વચનની અસર વધી જાય છે; હજાર આગમ કરતાં એક દૃષ્ટાંતની અસર વધી જાય છે અને હજાર દૃષ્ટાંતો કરતાં પણ એક સંસર્ગની-સત્સમાગમની અસર વધી જાય છે."

મહાત્મા શંકરાચાર્યજીનું એક વાક્ય છે :—

क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका ।

" ક્ષણવારનો પણ સત્પુરૂષનો સમાગમ તે સંસારરૂપ સમુદ્ર તરવાને નૌકારૂપ થાય છે."

આ લઘુ ગ્રંથમા પરમ આત્મજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પોતાના શિષ્ય મુનિશ્રી લલ્લુજી મહારાજ ( પ્રભુશ્રી ) ઉપર લખાયેલ બે અમૃતપત્રો નં. ૧૭૨ તથા ૮૭૫ પરનું વિવેચન છે. તે પત્રોમાં નિર્વાણમાર્ગનું રહસ્ય પ્રગટ કરતાં એ પરમ-કૃપાળુ પુરૂષે ઉપર કહ્યો તે ભાવ ઉલ્લાસથી ગાઇ, તેનો વિસ્તાર કરી સાચા મુમુક્ષુજનો પર પરમ ઉપકાર કર્યો છે. સમીપ-મુક્તિગામી જીવને પ્રતિપાદિત કરેલો ત્રિકાળી સત્ય સિદ્ધાંત

સહજ પ્રતીતરૂપ થવા યોગ્ય છે. વ્યવહારજ્ઞાનની પ્રાપ્તિ વ્યવહારજ્ઞાનના નિષ્ણાત પુરૂષ પાસેથી થઇ શકે છે તેમ પરમાર્થજ્ઞાનની પ્રાપ્તિ પરમાર્થજ્ઞાનના અનુભવી મહાત્મા પાસેથી થઈ શકે એ સમજાય તેવો પ્રકાર છે. પરમકૃપાળુ શ્રીમદ્જીએ આપેલ આ બોધ સહુને હિતકારી અને કલ્યાણકારી થાઓ.

ભાવનગર, સાધના પ્રેસવાળા શ્રી ગિરધરલાલ ફુલચંદ શાહે આ ગ્રંથ સમયસર છાપી તૈયાર કરી આપ્યો તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

૩૪, મોરબી હાઉસ, ગોવા સ્ટ્રીટ, લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૧ સંતચરણોપાસક
તા. ૨૧-૫-૧૯૭૭ ભોગીલાલ ગિ. શેઠ

*

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના

આત્માના માર્ગે ભવ્ય જીવોને વાળવામાં સહાયરૂપ થનાર આ ગ્રંથની પહેલી આવૃત્તિની નકલો ખલાસ થવાથી અને વાચક વર્ગ તરફથી આ ગ્રંથની માગણી ચાલુ રહેવાને કારણે બીજી આવૃત્તિ પ્રગટ કરીએ છીએ.

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રનાં પત્રાંક નં. ૧૭૨ અને ૮૭૫ની ઊંડાણભરી સમજણ આપી આ ગ્રંથની મૂલ્યવત્તા સમજાવનાર શ્રી ભોગીલાલ ગિ. શેઠનો દેહોત્સર્ગ તા. ૨૨-૭-૧૯૮૧ના રોજ થયો એ સખેદ નોંધીએ છીએ.

આ બીજી આવૃત્તિ શ્રેયસ પ્રચારક સભાના ટ્રસ્ટીઓ તરફથી પ્રકાશિત કરવામાં અમને અત્યંત હર્ષ થાય છે.

તા. ૧-૬-૮૩ શ્રેયસ પ્રચારક સભાના ટ્રસ્ટીઓ.

જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ—વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.

પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારનાં ફળમાં સત્પુરૂષને વિષે જેનાં વચનથી ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરના વચનને નમસ્કાર કરીએ છીએ.

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત્મારૂપ પુરૂષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે, તે જીવ પ્રાપ્ત થવા અર્થે યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે, પ્રાપ્તિ ન થઇ, તે જીવ જે વડે સહજ પ્રાપ્ત થાય છે, તે જ કહેવા વિષે જેનો ઉદ્દેશ છે, તે તીર્થંકરનાં ઉદ્દેશ વચનને નમસ્કાર કરીએ છીએ.

—શ્રીમદ્ રાજચંદ્ર ( ૪૩૬ )

અહો ! સર્વોત્કૃષ્ટ શાંતરસમય સન્માર્ગ,
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસપ્રધાન માર્ગના મૂળ
સર્વજ્ઞદેવ,
અહો ! તે સર્વોત્કૃષ્ટ શાંતરસ સુપ્રતીત કરાવ્યો
એવા પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવ,
આ વિશ્વમાં સર્વકાળ તમે જયવંત વર્તો, જયવંત વર્તો.

—શ્રીમદ્‌ રાજચંદ્ર
( હાથનોંધ ૩/૨૪ )

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.
શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.
ષટ્‌ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્‌, એ ઉપકાર અમાપ.

—શ્રીમદ્‌ રાજચંદ્ર
( શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર )